# દેવાનંદ સ્વામી લેખન

# આજ સખી આયો વસંત

આજ સખી આયો વસંત અલૌકિક,
   નૌતમ ખેલત ફાગ હોરી,
શિર પર પાઘ વસંતી શોભિત,
   નવલ અંગરખી અંગમે ધરી...

કટી પર પીત વસન કસી લીનો,
   સુંથણલી અતિ સુગંધ ભરી,
યહ છબી નવલ ચિંતામણિ નિરખત,
   અપને નયન લીજે સુફલ કરી... આજ ૧

ભાંતી ભાંતીકે હાર હરિજન,
   પૈરાવત અતિ પ્રેમ કરી,
બાજુ ગુચ્ચ મનોહર ગજરા,
   યહ છબી નીરખહું નયન ભરી... આજ ૨

કોઈ ગાવત કોઈ તાલ બજાવત,
   કોઈ મુખ બોલત તાન બરી,
દેવાનંદકો નાથ સલોનો,
   રંગ ઊડાવત ફરી રે ફરી... આજ ૩

# આદિતવારે ઉદે થયા

આદિતવારે ઉદે થયા, સૂરજ સહજાનંદ, મારગ બતાવ્યો મોક્ષનો;
મળિયાં મુનિનાં વૃંદ, અવસર અમૂલખ આવિયો ૧

ભાગ્યે પામ્યો ભરત ખંડમાં, મોંઘો મનુષ્ય અવતાર;
સમજી રહેવું સતસંગમાં, સુપના જેવો સંસાર... અવસર ૨

શીતળ સોમ સરીખડા, ભૂતલ પ્રગટ્યા ભગવાન;
અધરમ મૂળ ઉખાડવા, દીધાં દરશન દાન... અવસર ૩

પામર ભટક્યો ભવપંથમાં, જાણ્યા વિના જગદીશ;
દેવાનંદ કહે દુઃખ આવશે, જ્યાં ત્યાં જનમ ધરીશ... અવસર ૪

# આવું તારું ધન રે

આવું તારું ધન રે જોબન ધૂળ થાશે,
કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે... ટેક

ટાઢા-ઊના રે તુંને તાવ જ આવશે, ને વસમું થઈને વિતાશે;
દાતણ પાણી ને નાહ્યા વિના તારી,
 દેહ બધી ગંધાશે રે... આવું ૧

બોલવા ચાલવા નહિ દીએ પ્રાણી, તારી જીભલડી તો ઝલાશે;
શ્વાસ ચડશે ને આંખો ફરકશે,
 નાકની તે ડાંડી નમી જાશે રે... આવું ૨

વૈદ્ય તેડાવે એની નાડી જોવરાવે, કડવાં તે ઔષધ પાશે;
તૂટી એની બૂટી નહીં મળે એના,
 જીવની શી ગતિ થાશે રે... આવું ૩

એકબીજા વિના ઘડીએ ન ચાલે, તારી ત્રિયા તો રંડાશે;
જુગો રે જુગનું છેટું પડ્યું પ્રાણી તારા,
 નામની તે ચૂડીઓ ભંગાશે રે... આવું ૪

ખોખરી દોણીમાં તારી આગ જ કાઢશે ને, મસાણે લાકડાં લેવાશે;
સઘળું કુટુંબ તને સળગાવી દઈ પછી,
 બારમાના કાગળો લખાશે રે... આવું ૫

દશ દિવસ તારું સૂતક પાળશે ને, દાઢી ને મૂછ મૂંડાશે;
સઘળું સૂતક તારું કાઢી નાખીને પછી,
 બારમાનાં સુખડાં ખવાશે રે... આવું ૬

દયા ધર્મ ને ભક્તિ વિના તારું, સઘળું દ્રવ્ય લૂંટાશે;
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના જમ,
 છોટા મોટાને લઈ જાશે રે... આવું ૭

# કલંગી થારી કા'ન રે

કલંગી થારી કા'ન રે, દેખી ગુલતાન રે °ટેક

કા'ન કલંગી થારી કામણગારી,
**પરવશ** કર લીએ પ્રાન રે ° ૧

બરનત શારદ શેષ લજાવત,
**ધરત** હૈ મહામુનિ ધ્યાન રે ° ૨

પાઘ બની શિર પેચ ખસીલે,
**ડોલરિયા** દિલ જાન રે ° ૩

દેવાનંદ કહે બસી મોરે દિલમેં,
**માનું** પ્રગટ ભયો ભાન રે ° ૪

# કલિ મેં સાચો સતયુગ આયો

કલિ મેં સાચો સતયુગ આયો,
સ્વામિનારાયણ દેવ પ્રગટ ભયે, મુનિ સંગ મરમ જનાયો... ૦ટેક

ચાર વરન કે ધરમ સનાતન, વેદ પુરાન બતાયો,
નેમ સહિત પાલત નરનારી, ભવજલ પાર પમાયો... કલિ મેં૦ ૧

જ્ઞાન વૈરાગ્ય ભક્તિકો મારગ, સુગમ કરી સમઝાયો,
જ્યું રવિ ઉદય રજની તમ જાવત, ઉર અંધકાર નસાયો... કલિ મેં૦ ૨

પરનારી ચોરી મદ્ય માટી, તાહીકો ત્યાગ કરાયો,
પૂજા પાઠ કથા કીરતન કરી, હરિજન મન હરખાયો... કલિ મેં૦ ૩

સાર અસાર વિવેકહી સમજત, જગસુખ સુપન મનાયો,
દેવાનંદકો નાથ દયાનિધિ, ભક્તન કે મન ભાયો... કલિ મેં૦ ૪

# ધનશ્યામ સાજન સુખકારી

ધનશ્યામ સાજન સુખકારી... ૦ટેક

સુખકે સાગર નટવર નાગર, વા'લમ જીવન વારી,
અધમ ઉદ્ધારન રીત્ય અનાદિ, ભવ દુઃખ ભંજન ભારી...
ધનશ્યામ૦ ૧

સબ અવતારન કે અવતારી, દુર્લભ દેવ મોરારી,
નયન સુફલ કર દેત નિરંતર, જેહી નિરખત નરનારી...
ધનશ્યામ૦ ૨

કલિમલ કૃષ્ણ કૃપા કરી કેશવ, વિકટ વાસના ટારી,
દેવાનંદ કે નાથ નિગમકૃત, ધર્મ ટેક દૃઢધારી... ધનશ્યામ૦ ૩

# જડબુદ્ધિ જીવ પોં'ચ્યાનાં પરમાણાં

જડબુદ્ધિ જીવ પોં'ચ્યાનાં પરમાણાં અવિચળ આવિયાં,

  જે મુક્ત થયા વ્યાસમુનિએ વિસ્તારી ભેદ બતાવિયા... ૦ટેક

ધ્રુવ પામ્યા પ્રભુના ધામને, તેણે તજ્યા કપટ છલ કામને,

  પામ્યા વૈકુંઠમાં વિશ્રામને... જડ૦ ૧

જોને ઓધવ લોમષ અમર રહ્યા, મુનિ મારકંડ કાગભુશંડી કહ્યા,

  ભજી કૃષ્ણ કલપ બહુ વીતી ગયા... જડ૦ ૨

સનકાદિક નારદ સરલ મતિ, પ્રહ્લાદ વિભીષણ જોગી જતિ,

  જેણે પુરુષોત્તમને કીધા પતિ... જડ૦ ૩

એ તો ઈશ્વર કોટિમાં ભળિયા, ભજી પ્રગટ પ્રભુને થયા બળિયા,

  તેને દેવાનંદનો સ્વામી મળિયા... જડ૦ ૪

# જદુનાયક દિલજાન જીવન પ્રાન હૈ હમારે

જદુનાયક દિલજાન જીવન પ્રાન હૈ હમારે,
તજી લોકન કી લાજ ભેટી મોહન મતવારે... ૧

ઉરપે વિશાલ માલા ગજરા ગુલાબ ધારે,
દોઉ કાનન પર ગુચ્છ સો ત્રિલોક હું સે ન્યારે... ૨

કેશનકી અલક દેખી બંસિયર જ્યું વેશ કારે,
રચે કુંડલ લપટાય કે દોઉ મીન મુખમેં ડારે... ૩

કરમેં કંચન કી પોંચી ભુજબંધ હૈ અતિ ભારે,
દેવાનંદ કે જગવંદ પિયા પ્રાનન સે પ્યારે... ૪

# જનમ સંગાથી વિસાર્યા જગદીશને

જનમ સંગાથી વિસાર્યા જગદીશને રે,
એળે ખોયો માણસનો અવતાર રે,
સગું નથી કોઈ જાણે તારા જીવનું રે,
સુપના જેવો જુઠો આ સંસાર રે... જનમ ૧

ડાયો થઈને ડોલે નિર્લજ નાત્યમાં રે,
મરમ કરીને મિથ્યા બોલે વેણ રે,
શેરીમાં મરડાતો ચાલે માનમાં રે,
રાતાં દિસે રોષ ભરેલાં નેણ રે... જનમ ૨

નારી આગળ એક રતિ નવ ઉપજે રે,
ડા'પણ મેલી જ્યાં દોરે ત્યાં જાય રે,
નિર્લજ થઈને નાચે કુબુદ્ધિ કેણમાં રે,
વિષે ભરેલો ગરજુ ગોથા ખાય રે... જનમ ૩

અંતરમાં કપટીને ઊંડી ઇરષા રે,
સાધુ જનનો લેશ ન કીધો સંગ રે,
દેવાનંદ કહે જમ જોરાવર આવશે રે,
ભુકો કરશે ભાંગી તારું અંગ રે... જનમ ૪

# તેરી હસની મન હર લીનો પિયા જીવન

તેરી હસની મન હર લીનો, પિયા જીવન ભવજલ તરની... □ટેક

મધુર હસત ઉર વસત મુરારિ
હો પિયા પૂરણ પ્રેમ કટારી... તેરી□ ૧

જા કે મન લગી સોહી જાને
હો પિયા મિથ્યા જગત સુખ માને... તેરી□ ૨

દેવાનંદ કહત અબ મેરો
હો પિયા મેટત મનકો અંધેરો... તેરી□ ૩

# દરદ મિટાયા મેરા દિલકા

દરદ મિટાયા મેરા દિલકા, મોયે ઔષધ અમૃત પાયા રે... □ટેક

વૈદ્ય મિલ્યા વ્રજરાજ બિહારી, નાડી દેખન આયા;
જ્ઞાન ધ્યાન કી ગોલી રે દીની, રંચ ન રોગ રહાયા રે... દરદ□ ૧

ગયા રોગ મન ભયા નિરોગી, દિલ ગિરિધર દરશાયા;
હરિકૃષ્ણ પરબ્રહ્મ પુરાતન, ભાવ સહિત મન ભાયા રે... દરદ□ ૨

મિટ્યા વિષયકા ડાઘ મનોરથ, મૂલ મરમ સમજાયા;
જન્મ મરણકા ઝગડા રે છૂટ્યા, અંતર અલખ લિખાયા રે... દરદ□ 3

યોગ ભક્તિ વૈરાગ્ય ત્યાગકા, ચૂરણ ચારુ બનાયા;
દેવાનંદ કહે દયા કરી હરી, ચરી હરિ આપ બતાયા રે... દરદ□ ૪

# દેખ વિચારી દિલમાં તારા દેહને રે

દેખ વિચારી દિલમાં તારા દેહને રે,
નથી રયાનો એક ઘડી નિરધાર રે,
મમતા મોટી ખોટી બાજી ખેલ છે રે,
ભુંડપ કેરો માથે લે મા ભાર રે... દેખ ૧

વરણાગીમાં વડ પેપાની હાર્યનો રે,
ઉપર રાતોમાતો રંગમાં છેલ રે,
ભીતર્ય કાચો ભેખ ધરીને ભૂલવે રે,
ફોગટ ફરતો કરતો ફૂડા ફેલ રે... દેખ ૨

આતમ સાધન કાંઈ ન કીધું આળસું રે,
વિષયમાં વીંટાણો બારે માસ રે,
હરિજન સાથે હેત ન કરતાં આવડે રે,
કપટી તારો કોણ કરે વિશ્વાસ રે... દેખ ૩

સૂમ થયો ધન સંચીને ભેળું કરે રે,
મરતાં સુધી ના ખરચે ના ખાય રે,
દેવાનંદ કહે મધમાખી લુંટાય છે રે,
હાથ ઘસીને પામરતું પછતાય રે... દેખ ૪

# ધન્ય છે ધીરજ ધારે તેને

ધન્ય છે ધીરજ ધારે તેને, બની શકે બેભાન જોને;

પાંડવ જ્યારે વન પરવરિયા, દુઃખને દીધાં માન જોને... ૧

હરિશ્ચન્દ્રરાયને હરિવર સાથે, લગની કેવી લાગી જોને;

અંત્ય વરણને ઘેર વેચાણા, તો ભવની ભાવટ ભાંગી જોને... ૨

પ્રહ્લાદજીને પીડા બહુ વિધ, દૈત્યપતિએ દીધી જોને;

સુખડાં જેવી સહન કરી તો, કેશવ રક્ષા કીધી જોને... ૩

શહેર મળ્યું નહિ સુદામાને, તો પણ આનંદ તેવો જોને;

મોળી ભાજી વિદુરજીની, સૂતર જેવી સેવો જોને... ૪

મયૂરધ્વજ રાયે મસ્તક ઉપર, કરવત લીધું કોડે જોને;

સગાળશાએ સુત વધેર્યો, ત્યાગી દીધા હોડ જોને... ૫

રંતિદેવના હૃદયા મધ્યે, જરણા કેરો જોગ જોને;

માધવદાસે માગી લીધો, રાજી થઈને રોગ જોને... ૬

દુઃખને દેખી હરિજન ન ડરે, કરે ફિકરના ફાંકા જોને;

દેવાનંદ કહે દેવ ભરોસે, કાળ તણા એ કાકા જોને... ૭

# ધીરજ ધર તું અરે અધીરા

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને;
ખલક તણો છે ખટકો પ્રભુને, સાચું માને મન જોને... ૧

જન્મ્યું તેને જિવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને;
હાડ માંસના હૈયા મધ્યે, દેવે સરજ્યાં દૂધ જોને... ૨

કીડીને કણ હાથીને મણ, ચારપગાંને ચાર જોને;
કોશીટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને... ૩

મસીદ કેરા કોટ મિનારા, ઉપર ઊગ્યાં ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાડ જોને... ૪

અરણ્ય વનમાં અજગર રહે છે, ડગલું ન ભરે દોટ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને... ૫

અનળપક્ષી આકાશે રહે છે, મદઝર ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડે તો, બનિયા જળના ગોટા જોને... ૬

મરાળને મોતીનો ચારો, વખતે આપે† વા'લો જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, મગન થઈને મા'લો જોને... ૭

# નગારાં કાળનાં ગડે

કાળનાં ગડે નગારાં કાળનાં ગડે,
અગડ ઘેં ઘેં ઘેં ઘેં નગારાં કાળનાં ગડે... ટેક

ઢોલ ને રણતુર વાગે ઝાંઝ ખડેડે,
નેજા ને નિશાન દીસે ફોજું બહુ ફરે... અગડ.. ૧

નાળુ ને જંજાળું સર્વે કડે ને ધડે,
આંખ્યો મીંચી બેઠો અંધો મનસૂબા ઘડે... અગડ.. ૨

કઠણ વેગે કાળ આવી ઓચિંતો અડે,
જળ થોડામાં જીવ જેમ પૂરો તરફડે... અગડ.. ૩

ચેતવું હોય તો ચેતી લેજો બીજું રહ્યું નડે,
દેવાનંદનો નાથ ભજ્યા વિના નરકે જઈ પડે... અગડ.. ૪

# નરતન ભવ તરન નાવ

નરતન ભવ તરન નાવ, દાવ દુર્લભ આયો;
નયન શ્રવન નાસિકા મુખ, બહુ વિધિ બનાયો... નરતન□

સદ્‌ગુરુ શુભ કરનધાર, હરિજન મન અતિ ઉદાર;
વચન ગ્રહત વારવાર, પાર હૂં પમાયો... નરતન□ ૧

જનમ મરન જગત જાલ, કરમ ભરમ કઠિન કાલ;
માધવ મેટત દયાલ, ભેટત મન ભાયો... નરતન□ ૨

મનુષ્યતન મોક્ષ દ્વાર, સમજત અસાર-સાર;
અંતર પ્રભુ રહે અપાર, પૂરન સુખ પાયો... નરતન□ 3

રાજ કાજ લોક લાજ, સુપન જાની ધન સમાજ;
દેવાનંદ દેખી આજ, ગોવિંદ ગુન ગાયો... નરતન□ ૪

# નાથના નેણમાં વા’લાનાં વેણમાં

નાથના નેણમાં, વા’લાનાં વેણમાં, કહાનનાં કેણમાં,
મનડું વેંધાણું છે મારું રે... □ટેક

ભરવાને પાણી, જાતી’તી હું જાણી,
લાલમાં લોભાણી... □ ૧

હસીને બોલાવી, મુને લલચાવી,
ઊભા પાસે આવી... □ ૨

આંખ્યું જાદુગારી, પ્રેમની પટારી,
કાનાની કટારી... □ ૩

દેવાનંદ ભાળી, વા’લો વનમાળી,
મૂર્તિ રૂપાળી... □ ૪

# નાના ગ્રાસ લેવત મનગમતા

નાના ગ્રાસ લેવત મનગમતા,

નેણાં ભરી જોયા રે હરિ જમતાં... નેણાં° ટેક

ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા,

શોભાનિધિ ઘણું ગમતા... નેણાં° ૧

વારે વારે જળપાન કરત હૈ,

રમુજ કરીને ઘણું ગમતા... નેણાં° ૨

એ છબી જોવા સારું ભવબ્રહ્માદિક,

ભાવસહિત કેડે ભમતા... નેણાં° ૩

દેવાનંદ કહે જન્મ સુફળ કરી,

નિત્ય ચરણોમાં જે નમતા... નેણાં° ૪

# નીકે તેરે નૈનાં અતિ સુખ દૈના

નીકે તેરે નૈનાં અતિ સુખ દૈના... □ટેક

ચંચલ ચપલ માનું, ચિતવની ચિત્તહર,
લાજત ખંજન નૈના... નીકે□ ૧

રાતી રાતી રેખું તામેં, મદન ભરેલી માતી,
અંતરમેં ઉપજત ચૈના... નીકે□ ૨

દેવાનંદ કહે તેરી, સાંવરી સૂરત દેખી,
મીઠે મુખ અમૃત બૈનાં... નીકે□ ૩

# પછે નહિ મળે રે તુંને પછે નહિ મળે

પછે નહિ મળે રે તુંને પછે નહિ મળે,
કાંઈક લે લે લે લેને લ્હાવ પછે નહિ મળે... □ટેક

મોતી સરખો કણ (લઈ) મૂરખ ઘંટીમાં દળે,
બાવળિયાનું બીજ બોઈ આંબો કેમ ફળે... ૧

કસ્તૂરી ને કેવડો લઈ, તેલમાં તળે,
મનુષ્ય દેહ દુર્લભ પામી વિષયમાં મળે... ૨

ખેલ એકલા ખેલતાં અંતે જોજે જે મળે,
એકડા વિનાનાં મીંડાં તેમાં તારું નહિ વળે... ૩

અનેક જન્મના તે પાપ સત્સંગે બળે,
દેવાનંદ કહે ગદ્ધો કુત્તો થાવું તે ટળે... ૪

# પામર નર ન ભજ્યો ભગવાન

પામર નર ન ભજ્યો ભગવાન

મરણ આવ્યું ઢૂંકડું, કાલ્ય આવશે કાળ અજાન... ટેક

અણ સમજ્યા ઔષધ કરે રે, રતિ એક રોગ ન જાય;

લોકવાણી ઉરમાં ધરી રે, ગોળી જળમાં ઘોળી ઘોળી પાય... મરણ ૧

અન્ન ગળે નવ ઊતરે રે, ખાતાં ઊલટી થાય;

અતિ વ્યાધિ દુઃખ દેહમાં રે, ખાંસી શૂળ આવે ન ખમાય... મરણ ૨

સગાંસંબંધી સહુ મળી રે, બેસે ઘરને બા'ર;

અઢાર દિવસથી અન્ન મેલ્યું રે, ડોસો તન તજવા થયો ત્યાર... મરણ ૩

ઇન્દ્રિના દેવ ઊઠી ગયા રે, વૈખરી વાણી બોલાય;

દેવાનંદ કહે હરિ વિમુખનો રે, તોય પાપી પ્રાણ ન જાય... મરણ ૪

# પિયા પરમ હિતકારી મેરા

પિયા પરમ હિતકારી, મેરા પિયા પરમ હિતકારી,
વાકે વદન કમલ પર વારી... મેરા૰ ૧

સરલ સુજાન દયા કે સાગર, નાગર નવલ વિહારી... મેરા૰ ૨

પૂરનકામ કમલદલ લોચન, અઘમોચન અવતારી... મેરા૰ ૩

દેવાનંદ કે પ્રભુ મનરંજન, ખંજન નૈન ખુમારી... મેરા૰ ૪

# પ્રભુ વિના ભવજલ પાર ન પાવે

પ્રભુ વિના ભવજલ પાર ન પાવે, ગ્રહ અંધ કૂપ પર્યો નર પામર,

જનમ મરન દુઃખ અંત ન આવે... પ્રભુ□ ૧

મિથ્યા ઘાટ મનોરથ મનમેં, ધન કે કાજ દશો દિશ ધાવે;

નિશ દિન કાલ ખડા શિર ઉપર,

ગાફલ નર હરિગુન નહીં ગાવે... પ્રભુ□ ૨

ભૌરવ ભૂત પિશાચ કું પૂજત, ભેખ ધરી બહુ જગ ભરમાવે;

સદ્‌ગુરુ વિના મરમ નહીં સમઝત,

નીચ કરમ કરી જમપુર જાવે... પ્રભુ□ ૩

નરતન ધરી હરિભક્તિ અલૌકિક, સંત સમાગમ કરી સમજાવે;

દેવાનંદ પ્રગટ પ્રભુ દેખત,

તન કે તાપ મહા પાપ મિટાવે... પ્રભુ□ ૪

# બાળક રૂએ લવા મારે

બાળક રૂએ લવા મારે, માતા સમજે મર્મ જોને;
રાણીની એમ મરજી પરખે, ધરણીધરનો ધર્મ જોને... ૧

ચાંચ બનાવે તેને ચિંતા, કાયર મન શીદ કરીએ જોને;
પેટ પડ્યું તે પોષણ કરશે, ફિકર તજીને ફરીએ જોને... ૨

હીરા મોતી મોંઘાં કીધાં, ધનથી સોંઘાં ધાન જોને;
અમૃત જેવાં અમથાં પાણી, દીનબંધુનાં દાન જોને... ૩

સૂરજ સર્વને પ્રકાશ આપે, દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો, તે કેશવ કરુણા કેવી જોને... ૪

સુરપંખીને ટંકે સો મણ, ખાવા જોઈએ ખીર જોને;
દૂધલડાના દરિયા કાંઠે, સરજ્યાં તેનાં શરીર જોને... ૫

જન્મ્યું તેને જીવાડવાને, માવતરને મમતા જોને;
સૌના પિતા છે વિશ્વંભર, શાથી ન ભરો સમતા જોને... ૬

અજબ દયાળુ છે અલબેલો, હૈયું રાખો હાથ જોને;
દેવાનંદ કહે પ્રતીત રાખો, બેલી અક્ષરનાથ જોને... ૭

# બૃહસ્પતિ જેવાને ભોળવ્યા માયા મનમાં મગરૂર

બૃહસ્પતિ જેવાને ભોળવ્યા, માયા મનમાં મગરૂર, ડાહ્યા પીલાયા દાઢમાં;
ચાવી કીધા ચરચૂર, સેવો સાચા હરિસંતને॰ ૧

દુષ્કૃત દુબધામાં ડૂબિયો, અનરથ કીધાં અપાર;
દુર્મતિ ડહાપણ ડોળતો, નથી તનનો નિરધાર... સેવો॰ ૨

શૂકર શ્વાનના દેહમાં, નિર્લજ્જ થાશો નરનાર;
કટકા અન્ન કેરે કારણે, બેઠું જોશે ઘરબાર... સેવો॰ ૩

ભવદુઃખ ટળવાના ભેદમાં, સદ્‌ગુરુ મળતાં સમજાય;
દેવાનંદનો પ્રભુ દેખશો, જન્મ મરણ મટી જાય... સેવો॰ ૪

# ભજ ભગવાન માન તજ ભાઈ

ભજ ભગવાન માન તજ ભાઈ,
આ જગ સ્વારથ જૂઠ સગાઈ... □ટેક

પેટ કે કાજ અકાજ કમાઈ,
શ્રી ઘનશ્યામ દિયે બિસરાઈ... ભજ□ ૧

દૌલત દેખી આવત અકડાઈ,
અંત સમે કછુ કામ ન આઈ... ભજ□ ૨

રોગ અસાધ્ય રહ્યો ઉર છાઈ,
ગાફલ જીવત ગાંઠ ગમાઈ... ભજ□ 3

દેવાનંદ કહત સુખદાઈ,
નર તન કો ફલ દેત બતાઈ.. ભજ□ ૪

# ભજી લે ભગવાન સાચા સંતને મળી

ભજી લે ભગવાન, સાચા સંતને મળી... □ટેક

વચનમાં વિશ્વાસ રાખી, ભજનમાં ભળી;
પૂરવ કેરાં પાપ તારાં તો જાશે બળી... ભજી□ ૧

ઓળખી લે અવિનાશી રહેજે, જ્ઞાનમાં ગળી;
રીઝશે રંગરેલ વા’લો અઢળક ઢળી... ભજી□ ૨

કાળ તો વિકરાળ વેરી, વીંખશે વળી;
કામ ને કુટુંબ તુંને નાખશે દળી... ભજી□ ૩

સત્ય ત્યાં સુખ ધર્મ રહે, કુડ તહાં કળી;
દેવાનંદ કહે દુનિયા કેરી અક્કલ આંધળી... ભજી□ ૪

# ભજ્યો નહીં ભગવાન મૂરખ

ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતાં મર્યો... ટેક

પેટને અરથે પાપ કરંતા દિલમાં ના ડર્યો;

પુણ્ય કર્યાનું પાડોશીને ત્યાં આડો ફર્યો... ભજ્યો ૧

દુઃખ વેઠીને દામ કીધો, ખજાનો ભર્યો;

જમ જોરાવર લઈને ચાલ્યા, વાવરવા ન રહ્યો... ભજ્યો ૨

કુડની માળા કોટમાં પહેરી, કુડ ગુરુ કર્યો;

આહાર મૈથુન કરવા લાગ્યો કોઈ ના તર્યો... ભજ્યો ૩

સહજાનંદજી ઓળખ્યા વિના, અંતર ના ઠર્યો;

'દેવાનંદ' કહે દિલમાં વસ્યા, કારજ શું સર્યો... ભજ્યો ૪

# ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના રે

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ વ્રત કરીએ કોટિ ઉપાય રે;
પુણ્ય કરી અમરાપુરનાં સુખ પામીએ રે,
અંતે પાછો ફોગટ ફેરો થાય રે... ૧

માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે;
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આક તણાં જેમ ઊડી જાશે તૂર રે... ૨

સગાં કુટુંબી મેલી મરવું એકલું રે,
લખ ચોરાશી ફરવું વારંવાર રે;
પાપતણાં ફળ આગળ તારે આવશે રે,
કરમ કરીને ભરિયા તેં કોઠાર રે... ૩

આજ અમૂલખ માણસનું તન આવિયું રે,
ભજવા સારુ ભાવ કરી ભગવાન રે;
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે... ૪

# ભોર ભયે ઊઠી ભક્તિ માત નિત

ભોર ભયે ઊઠી ભક્તિ માત નિત, શ્રી ઘનશ્યામ જગાવે;
ઉઠો લાલ ધન માલ નયન કે, ખેલન બાલ બોલાવે... □ટેક

શારદ નારદ મુનિ સનકાદિક, વેદ વિમલ જશ ગાવે;
મગન ભયે મહાદેવ મનોહર, ડમરૂ ડાક બજાવે... □૧

તવ પદ પંકજ રેણુ રસિક જન, સુર નર શીશ ચડાવે;
દરશ પરશ કરી હરસ બઢાવત, તનકે તાપ બુઝાવે... □૨

જનમન રંજન ભવ દુઃખ ભંજન, ખંજન નયન ખોલાવે;
પીત બસન કટિ કસન હસન મુખ, જીવન પ્રાણ જીમાવે... □૩

મેવા મિસરી પાક મિઠાઈ, કંચન થાર ધરાવે;
દેવાનંદ સોઈ ધર્મકુંવર પર, વાર વાર બલ જાવે... □૪

# મંગલકારી હરિ મૂરતિ ભેટે ભવદુઃખ જાય

મંગલકારી હરિ મૂરતિ, ભેટે ભવદુઃખ જાય, સ્મરણ કર શ્રીગોવિંદનું;

ફોગટ ફેરો ન થાય, અંતે જાવું છે એકલા ૧

ગાફલ સગાંની ગોઠડી, મોટી માયાની જાળ;

વળગ્યો મિથ્યા વે’વારમાં, કેડે આવે છે કાળ... અંતે ૨

બુધે સમજાવી બહુ કહ્યું, માને મૂરખના જામ;

કાયા માયાને કામિની,† નથી ઠરવાનું ઠામ... અંતે ૩

લાલચ લાગી ઉર લોભની, ઇચ્છા મનમાં અપાર;

દેવાનંદ કહે હરિ ના ભજ્યો, એળે ખોશો અવતાર... અંતે ૪

# માણસનો અવતાર મોંઘો

માણસનો અવતાર મોંઘો, નહીં મળે ફરી... □ટેક

માન મરડાઈ મોટપ મેલી, ભજી લો હરિ;

નહીં તો જાશો ચોરાશીમાં જનમ બહુ ધરી... માણસ૦ ૧

દુઃખ તણો દરિયાવ મોટો નહીં શકો તરી;

શામળિયાને શરણે જાતાં જાશો ઊગરી... માણસ૦ ૨

નિર્લજ્જ તું નવરો ન રહ્યો ઘરધંધો કરી;

માયા માયા કરતો મૂરખ ના બેઠો ઠરી... માણસ૦ ૩

ચેતી લે ચિત્તમાં વિચારી ચાલજે ડરી;

‘દેવાનંદ’નો નાથ ભજો, પ્રેમમાં ભરી... માણસ૦ ૪

# મુને પ્રગટ મળ્યા મુને પ્રગટ મળ્યા

મુને પ્રગટ મળ્યા મુને પ્રગટ મળ્યા,

ઘર બેઠા ઘનશ્યામ પધાર્યા પ્રેમથી;

તન તાપ ટળ્યા તન તાપ ટળ્યા,

નટનાગર સુખ દીધું નૌતમ નેમથી... મુને

જેને નિગમ વદે નેતિ વાણી,

પરમેશ્વર ઓળખે નહિ પ્રાણી,

આજ અમ ઉપર કરુણા આણી... મુને

જીવ મળવા કોટિ જતન કરે,

તપ તીરથ વ્રત વનમાંહિ ફરે,

એવા અવનિ પર અવતાર ધરે... મુને

ગુણ સારા ઓળખ્યા ગિરધારી,

બહુનામી પર હું બલિહારી,

આજ ભાગ્ય મારું થયું અતિ ભારી... મુને

મેં તો ચરણકમળમાં ચિત્ત જોડ્યું,

સંસાર થકી સગપણ તોડ્યું,

દેવાનંદ કહે મૂર્તિમાં મન ઓળ્યું... મુને

# રમત હરિ બાલ વિનોદ કરે

રમત હરિ બાલ વિનોદ કરે;

લરકન કે સંગ લાલ ધરમસુત, શામ તન શોભિત ધૂરી ભરે...
□ટેક

ઠમક ઠમક પદ ધરત ધરની પર, ઘુઘર મંડિત ચરન ધરે;

માત મગન પય પાન કરાવત, દેખી નયન સુતનયન ઠરે... □ ૧

ધર્મ આંગન મહીં કેલી કરત હૈ, બોલત બચન મધુર તોતરે;

દેવાનંદ ઘનશ્યામ વિલોકત, કોટિ ભુવન સુખ આશ ટરે... □ ૨

# વસંત અલૌકિક સંત અલૌકિક

વસંત અલૌકિક સંત અલૌકિક, કૃષ્ણ અલૌકિક આયે,
પ્રીત અલૌકિક રીત અલૌકિક ગીત અલૌકિક ગાયે... □ ૧

ભાવ અલૌકિક નાવ અલૌકિક દાવ અલૌકિક હાયે,
ભક્તિ અલૌકિક મુક્તિ અલૌકિક જુક્તિ અલૌકિક રાયે... □ ૨

રંગ અલૌકિક સંગ અલૌકિક ઉમંગ અલૌકિક છાયે,
ધરની અલૌકિક કરની અલૌકિક લરની અલૌકિક લાયે... □ ૩

મલની અલૌકિક, ચલની અલૌકિક ભલની અલૌકિક ભાયે,
હસની અલૌકિક, વસની અલૌકિક દેવાનંદ સુખ પાયે... □ ૪

# શનિશ્ચરવારે સહુને કહ્યું રાખો હરિ સંગ હેત

શનિશ્ચરવારે સહુને કહ્યું, રાખો હરિ સંગ હેત, જાતર જોવા ભેળું થયું;

કુટુંબ કૂડો સંકેત, ભાવે ભજી લ્યો ભગવાનને૦ ૧

આરત રાખીને ઓળખો, ગિરધર ગોપીના શ્યામ;

સરવે દેવોના દેવ છે, અંતે એનું છે કામ... ભાવે૦ ૨

સેવક થાને(થજે) ઘનશ્યામનો, ટળશે તનડાના તાપ;

જીવ મુક્તના જોગમાં, વધશે મોટેરું માપ... ભાવે૦ ૩

બ્રહ્મવિદ્યાના ભોમિયા, સાચા સંત સુજાણ;

દેવાનંદ કહે હરિદાસમાં, પીવા અમૃત રસપાન... ભાવે૦ ૪

# શું કરવા તું સુખને માટે

શું કરવા તું સુખને માટે, દે છે દોટાદોટ જોને;
તારાં સુખ તો તુજને શોધે, સુઈ રહે તાણી સોડ જોને... ૧

માગ્યા વિના મળે મેવલા, માગ્યા મળે તો માગ જોને;
મોત સરીખુંયે માગ્યું ન મળે, જીવલડા તું જાગ જોને... ૨

અવસર વિના ફળ ન આવે, સો મણ પાણી સીંચી જોને;
પુત્ર વિના પારણિયું ખાલી, સો મણ સાકર વહેંચી જોને... ૩

ભાગ્ય વિનાનું સુખ ન મળે, સંકટ આવે શાથી જોને;
પારણિયામાં સર્વે ઝુલાવત, હેમ ભરેલા હાથી જોને... ૪

જગમાં સર્વે હેમ ઝુલાવત, વાંઝણી ન રહેત વનિતા જોને;
લાલચ રાખે લાભ મળે તો કોઈ ન દાખત દીનતા જોને... ૫

ભાગ્ય વિના ભોગવવાનું સુખ, શીદને થાયે અળગું જોને;
કોટિ ઉપાયે કેડ ન મેલે, વજ્ર થઈને વળગ્યું જોને... ૬

હિંમત રાખીને હરિને ભજી લ્યો, બીજી આશા ઠાલી જોને;
દેવાનંદ કહે સુખદુઃખ રચના, ભાવે કરીને ભાળી જોને... ૭

# શોભે છબી ઘનશ્યામ રે ભાળી વાગે છે ભાવ

શોભે છબી ઘનશ્યામની રે, ભાળી વાધે છે ભાવ;
જન્મ સુફળ થયો જોઈને, હાં રે નવ જોબન નાવ... શોભે

માથે સોનેરી મોળિયું રે, કાજુ સોનેરી કોર;
પેચ ઝુકેલા પાંપણિયે, હાં રે સખી નવલ કિશોર... શોભે

કુંડલ જડેલાં મોતીએ રે, માનું મીન સમાન;
ભાલે તિલક સોહામણું, હાં રે ભીનો વા'લાનો વાન... શોભે

અતિ અણિયાળી આંખડી રે, વાંકી ભ્રકુટી શ્યામ;
દેવાનંદ કહે દિલ રાખશું, હાં રે દોહ્યલી વેળાના દામ... શોભે

# સગપણ સાચું જાણે શ્રી ઘનશ્યામનું રે

સગપણ સાચું જાણે શ્રી ઘનશ્યામનું રે,
કેવલ બીજું માને કુડેકુડ રે,
સગા સંબંધી સ્વારથ કેરાં સોબતી રે,
મેલી જાસે મુખમાં નાખી ધુડ્ય રે... સગ ૧

દેશવિદેશે ડોલે ધનને કારણે રે,
પ્રભુ વિસારી લાલચમાં લપટાય રે,
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણીયો રે,
જોને તારું જીવત એળે જાય રે... સગ ૨

કાલ અચાનક ફોજું આવે કારમી રે,
ઘેરી લેવે ઘાટો ઘરનું બાર રે,
નાડી તૂટે આંખ્યું બાર્યે નીસરે રે,
તે ટાણે શામળિયો કરતલ સાય રે... સગ ૩

એટલા સારુ કરજે એનો આશરો રે,
માથે પડતાં મટશે જમના માર રે,
દેવાનંદ કહે દાસપણામાં લાભ છે રે,
પ્રેમ કરીને રાખો મનમાં પ્યારા રે... સગ ૪

# સુંદર શ્રીઘનશ્યામની રે ચાતુરતા ચિત્તચોર

શરદ પૂનમની રાતડી, અને રચિયો મનોહર રાસ,
સ્વામી ખેલે શ્રીજી ખેલે, સાથે સંતો ભક્તો ખેલે.
આનંદે ઉમંગે ખેલે રે,
ધિનક ધિનક ધિન... ધિન ધિન ધા,
રંગ રંગ ઉછરંગે ખેલે,
ધિનક ધિનક ધિન... ધિન ધિન ધા,

હૈયું હરખે ભક્તિ હેલે, શરણાયુંના સૂરો રેલે.
ખેલે મનભર રાસ (૩)

સુંદર શ્રીઘનશ્યામની રે ચાતુરતા ચિત્તચોર,
મધુર વચન મુખ બોલની રે, જાદુ ભરિયલ જોર હો બેની...

કેસર કુમકુમ અંગમા રે, ખાસી ચંદન ખોર,
પેચ ઝૂકેલા પાઘમાં રે, શોભિત નવલ કિશોર હો બેની... ૧

હરિજન એ છબી હેતમાં રે, નીરખત હૈ નિશભોર,
કોટી જનમ અઘઓઘને રે, કાપત કર્મ કઠોર હો બેની... ૨

ચલતી:
રસિયોજી રમે રે રમે રે, રાસ રમે રે,
હે... વા'લે પલવટ નૌતમ વાળી, લેવે હાથતાલી,
કે મનડાને ગમે રે ગમે રે, રાસ ગમે રે...
હે... કોડે કોડે રમે કેસરિયો, વા'લો રંગભરિયો,
કે ચિત્તડાને હરે રે હરે રે, રાસ રમે રે...

ચરણકમલ રસ ચાખતા રે, મગન ભમર મનભોર,
દેવાનંદ કહે દિલમાં રાખું, મૂર્તિ મદ મદ તોર હો બેની... ૩

ચલતી:
ગગન ચંદપ્રકાશ સુંદર, લલિત જલકી લહેરિયા,

વિવિધ ફૂલે ફૂલ વનમે, ગંધ સુંદર ગહેરિયા,
રસિક સુંદર શામ દીઠી, છબી ચંદ્ર પ્રકાશકી,
બ્રહ્માનંદ શ્રીહરિને કીની, રમત ઇચ્છા રાસકી.

# સુખકારી ઘનશ્યામ દેખી

સુખકારી ઘનશ્યામ દેખી દિલ લોભાણું રે.... ટેક

રૂપ અતિ રળિયામણું, ચંચલતા ભારી રે,

જમવા ટાણે જોઈને, છબી ઉરમાં ધારી રે... સુખ ૧

હાસ કરી કરી હેતમાં, મુજને બોલાવી રે,

અંતરમાં અલબેલની, વસી મૂર્તિ રે... સુખ ૨

લીલા અલૌકિક લાલની, નૌતમ નિહાળી રે,

પીરસે લાડુંપંગર્યમાં, ભાવેથી ભાળી રે... સુખ ૩

વારે વારે વ્રજરાજને, જોવાને જાયે રે,

દેવાનંદના નાથને સેવી, સુખીયા થાય રે... સુખ ૪

# સુખકારી ઘનશ્યામ મારા મંદિરમાં પધરાવું

સુખકારી ઘનશ્યામ મારા, મંદિરમાં પધરાવું,

પલંગ ઢાળું પ્રેમથી, ગાદી રેશમની બિછાવું. સુખકારી ૧

સાવ સોનેરી મોળિયું માથે બહુમૂલી બંધાવું,

શીશ કલંગી વાંકડી છોગે, ગજમોતી ગૂંથાવું. સુખકારી ૨

ગૂંથી હરિ ગુલાબના ગજરા , પ્રીતમને પેરાવું,

વારે વારે લિયું વારણા, શિર નાથજીને નમાવું. સુખકારી ૩

કુંડલ બાજુ બેરખા કાજુ નવલ રંગ જડાવું,

દેવાનંદ કે' દિલમેં છબી, ઠીક કરી ઠેરાવું. સુખકારી ૪

# હરિ વિના હિતકારી બીજું

હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી... ટેક

પ્રભુ ભજ્યાનું વેદ પુરાણે કહ્યું છે કથી;
અક્કલહીણા આળસી બેઠો પામર તું પથી... હરિ ૧

માતપિતા સુત નારી બાંધવ, નહીં તારા સાથી;
અંત સમે તો એકલા જાવું કાં મરે મથી... હરિ ૨

સ્વારથિયો સંસાર તેમાં રહ્યો લથબથી;
સંતપુરુષની સોબત વિના શી થાશે ગતિ... હરિ ૩

અક્કલવંતા રાજકરંતા મૂઆ મહારથી;
દેવાનંદ કહે આપણે જાવું કહ્યું ઠેઠથી... હરિ ૪

# હરિકૃષ્ણકો ઉપાસી જીયા મોરી જીવન દોરી

હરિકૃષ્ણકો ઉપાસી, જીયા મોરી જીવન દોરી;

ઉર વિવેક એક ટેક, ચંદ જ્યું ચકોરી વે... □ટેક

ચાતક ચિત્ત પ્રીત, નીર ચહત નિત નિત;

અતિ ત્રખિત જલન પીત, મેઘમેં મન જોરી વે... □ ૧

જલમેં વાસ મીન દાસ, મન હુલાસ બારે માસ;

બિછરત સુખ હોત નાશ, વિલખત નિશ ભોરી વે... □ ૨

લોભીન કે ઇષ્ટ દામ, કામ વામ જપત નામ;

દેવાનંદ શ્યામચરન, ધામ ધરન છોરી વે... □ ૩

# હસીને બોલાવી ચિત્ત ચોરી લીધું રે

હસીને બોલાવી ચિત્ત ચોરી લીધું રે,
હસીને બોલાવી કા'ન આવી...

નાથ નવીનો છેલો રંગડાનો ભીનો,
બહુવિધ વેશ બનાવીને... ૧

મોરલી બજાવી મુખ મરમ ભરેલી,
ગીત મધુરા નીત ગાવીને... ૨

ડોલરિયો સુખ દેણ મનોહર,
સાન કરીને સમજાવીને... ૩

દેવાનંદ કે' દીલડામાં વસિયો,
મોહન મન લલચાવીને... ૪

# હે દીન બંધો કાન

હે દીન બંધો કાન, મુનિ મનરંજન,
ભક્તવચ્છલ ભગવાન... ૧

શરનાગત બંધ છેદ, જગકો કિયો નિસેદ,
પાઈ કે સુધારસ પાન... ૨

દયાસિન્ધુ જાની દાસ, બ્રહ્મપુર દીનો વાસ,
તુમસે કૃપાલુ નહીં આન... ૩

દેવાનંદ કહે નાથ, હેતે મેરો ગ્રહ્યો હાથ,
અપની કીની કૃપા નિધાન... ૪